# દુષ્ટ આત્માઓથી સલામતી



જીન સર્વત્ર છે. ભલે તમે તેમને આત્મા, ભૂત, રાક્ષસ અથવા જીન કહો, તેઓ ડરામણાં હોઈ શકે છે. શામન, ચૂડેલ ડોકટરો અને દોરાધાગા લોકપ્રિય છે, પરંતુ શું તેઓ ખરેખર આપણું રક્ષણ કરી શકે છે?

હું તમને દુષ્ટ આત્માઓથી રક્ષણ મેળવવા માટેના ત્રણ સરળ પગલાઓ જણાવવા માંગુ છું જેથી તમારે ડરવું ન પડે.

## દુષ્ટ આત્માઓથી રક્ષણ

એક માણસ નગ્ન હતો અને ચીસો પાડતો હતો. તેના પર ઘણા જીન હાવી હતા અને કોઈ તેને મદદ કરી શક્યું ન હતું. ગામના લોકોએ તેને સાંકળોથી બાંધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે અલૌકિક તાકાતથી તેને તોડી નાખી અને કબરોની વચ્ચે રહેવા માટે ભાગી ગયો. તેણે પોતાના દિવસો રડતાં રડતાં અને પોતાને પત્થરોથી કાપીને કાઢ્યા,

જ્યાં સુધી ઈસુ ખ્રિસ્ત નામના માણસના આગમન ન થયું, જે ઇસા અલ-મસીહ તરીકે પણ ઓળખાય છે.

તે માણસ એટલો પીડિત હતો કે જ્યારે તેણે મદદ માંગવા માટે મોં ખોલ્યું, ત્યારે જીને તેને એકલા છોડી દેવા માટે ઈસુ ખ્રિસ્ત પર ચીસો પાડી. પણ ઈસુ ત્યાંથી ગયા નહીં. તે જાણતા હતા કે શું થઈ રહ્યું છે. ભયભીત થયા વગર, તેમણે તે જીનને માણસને છોડી દેવાનો આદેશ આપ્યો.

"અમને પાતાળમાં ન મોકલો!" જીને ભીખ માંગી. તેઓએ નજીકના ડુક્કરના ટોળામાં જવા વિનંતી કરી. ઈસુએ તેમને માણસને છોડીને અશુદ્ધ પ્રાણીઓમાં જવાનો આદેશ આપ્યો. તરત જ, માણસની વિવેકબુદ્ધિ પાછી આવી અને ડુક્કરનું આખું ટોળું ખડક પરથી ભાગીને દરિયામાં ચાલ્યું ગયું.

છેવટે, તે માણસ મુક્ત થયો. તે ખૂબ આભારી હતો! પરંતુ એકમાત્ર આ જ વાર્તા નથી. દુષ્ટ આત્માઓ સામે ઇસુ ખ્રિસ્ત પાસે અપાર શક્તિ હતી. તે જ્યાં પણ જતાં, ત્યાં તે જીનના કબજામાં હોય એવા લોકોને મુક્ત કરતાં. તેમણે તેમના અનુયાયીઓને પણ શેતાન પર અધિકાર આપ્યો:

*ધ્યાનથી સાંભળો! મેં તમને સર્પો અને વીંછીઓ પર ચાલવાનો અધિકાર આપ્યો છે. મેં તમને શત્રુંની બધી જ તાકાત કરતાં વધારે તાકાત આપી છે. તમને કશાથી ઇજા થનાર નથી. પણ આનંદ ન કરો. આત્માઓ તમને તાબે થયા તેથી આનંદી થશો નહિ. એટલે નહિં કે તમારી પાસે સામર્થ્ય છે, તેને બદલે તમારા નામ આકાશમાં લખેલાં છે તેથી આનંદ પામો* (સુવાર્તાઓમાંથી, જેને ઈંજીલ તરીકે પણ ઓળખવામાં આવે છે, લૂક ૧૦: ૧૯-૨૦).

જ્યારે આપણે ઈસુ ખ્રિસ્તને અનુસરીએ છીએ, ત્યારે આપણે આ જીવનની સલામતી અને આવનારા જીવનની

ખાતરી મેળવી શકીએ છીએ! ચાલો આપણે દુષ્ટ આત્માઓથી મુક્તિ મેળવવા માટેના ત્રણ પગલાં જોઈએ.

### પગલું ૧: ઈસુ ખ્રિસ્તના નામની શક્તિનો દાવો કરો

પહેલું પગલું છે ઈસુ ખ્રિસ્તના નામે ઈશ્વરનું રક્ષણ મેળવવું. આપણે પોતે શક્તિહીન છીએ. પરંતુ જ્યારે આપણે આપણા જીવન પર ઈસુ ખ્રિસ્તના નામની ઘોષણા કરીએ છીએ, ત્યારે દુષ્ટ આત્માઓ શક્તિહીન બની જાય છે! ઈસુએ તેમના અનુયાયીઓ વિશે કહ્યું: “તેઓ લોકોમાંથી અશુદ્ધ આત્માઓને બહાર કાઢવા મારા નામનો ઉપયોગ કરશે” (સુવાર્તાઓ, માર્ક ૧૬:૧૭).

## જો તમે તમારા પૂરા હૃદયથી માનો છો કે ઈસુ ખ્રિસ્ત તમને મુક્ત કરશે, તો તેઓ તેવું કરશે!

જો તમે તમારા પૂરા હૃદયથી માનો છો કે ઈસુ ખ્રિસ્ત તમને મુક્ત કરશે, તો તેઓ તેવું કરશે! ઈશ્વરને ફક્ત આ વિનંતી કરો, “પ્રભુ, કૃપા કરીને તમે જેને મોકલ્યા છે, તે ઈસુ ખ્રિસ્તના નામે મને દુષ્ટ આત્માઓથી બચાવો!”

### પગલું ૨: આંતરિક અને બાહ્ય સફાઈ શોધો

ઈસુ ખ્રિસ્તે શીખવ્યું છે કે આપણે શેતાનને કોઈ પગથિયું ન આપવું જોઈએ. તેમણે કહ્યું, “જગતનો

શાસક (શેતાન) આવે છે. તેને મારા પર અધિકાર નથી" (સુવાર્તાઓ, યોહાન ૧૪:૩૦). આપણે આપણા જીવનને તમામ દુષ્ટ પ્રભાવોથી પણ શુદ્ધ કરવું જોઈએ.

શેતાન પાસે "આપણા પર કોઈ અધિકાર નથી" તેનો શું અર્થ થાય? તેનો અર્થ એ છે કે આપણા હૃદયમાં કે ઘરોમાં તેના માટે કંઈ નથી. આપણે અંધશ્રદ્ધાળુ દોરધાગાઓ અને તાવીજ ફેંકી દેવા જોઈએ. આપણે અશ્લીલ સાહિત્ય, ડ્રગ્સ અને આલ્કોહોલ જેવા પાપી દૂષણોથી દૂર રહેવું જોઈએ. જો આપણે મૃતકો વાત કરવાની અથવા શ્રાપ આપવાની ધાર્મિક વિધિઓમાં સામેલ છીએ, તો આપણે આ પ્રવૃત્તિઓને તાત્કાલિક બંધ કરવી જોઈએ. આમ, આપણે આપણા બાહ્ય વાતાવરણને શૈતાની પ્રભાવથી સાફ કરીએ છીએ. પછી, આપણે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે તે આપણને માફ કરે અને આપણને અંદરથી શુદ્ધ કરે.

### પગલું 3: તમારા જીવનને પ્રકાશથી ભરો

ઇસુ ખ્રિસ્તે તમને જીનની શક્તિમાંથી મુક્ત કર્યા પછી, તેને તમારા જીવનનો હવાલો લેવા આમંત્રણ આપો. તમારા હૃદયને ખાલી ન છોડો. ઈસુ ખ્રિસ્તે કહ્યું,

> *અશુદ્ધ આત્મા માણસમાંથી નીકળ્યા પછી ઉજજડ સ્થળોએ વિસામો શોધતો ફરે છે પણ એને એવું કોઈજ સ્થળ વિસામા માટે મળતું નથી. તેથી તે કહે છે, "જેના ઘેરથી (વ્યક્તિ) હું નીકળ્યો છું તેના*

*જ ઘરે (વ્યક્તિ) હું પાછો જઈશ." તેથી તે પાછો આવે છે અને જુએ છે તો પેલા માણસનું ઘર ખાલી સ્વચ્છ અને સુઘડ બનાવેલું છે. પછી તે અશુદ્ધ આત્મા જાય છે અને પોતાના કરતાં વધુ ભૂંડા એવા સાત અશુદ્ધ આત્માઓને લાવે છે. અને એ બધાજ પેલા માણસમાં પ્રવેશીને રહે છે. આ અગાઉ કરતાં તેની દશા વધારે કફોડી બને છે* (સુવાર્તાઓ, માથ્થી ૧૨:૪૩-૪૫).

જ્યારે તમે જીનથી શુદ્ધ થઈ જાઓ, ત્યારે તમારા જીવનને ઈસુના પુસ્તક, બાઇબલના પ્રકાશથી ભરી દો. ઈસુ ખ્રિસ્તે કહ્યું, "હું પ્રકાશ છું અને હું આ જગતમાં આવ્યો છું. હું આવ્યો છું જેથી કરીને પ્રત્યેક વ્યક્તિ જે મારામાં વિશ્વાસ કરે છે તે અંધકારમાં રહે નહિ" (સુવાર્તાઓ, યોહાન ૧૨:૪૬). ઈસુના પુસ્તકની એક નકલ મેળવો અને તેને દરરોજ વાંચો જેથી તેનો પ્રકાશ અંધકારને બહાર કાઢે.

### ભવિષ્ય માટે સલામતી

આપણે સમયના અંતની નજીક જીવી રહ્યા છીએ જ્યારે દુષ્ટ આત્માઓ પહેલા કરતા વધુ સક્રિય છે. ઈસુ ખ્રિસ્તે આગાહી કરી હતી કે તે પાછા ફરે તે પહેલાં, દુષ્ટ શક્તિઓ વિશ્વાસીઓને છેતરવાનો પ્રયાસ કરવા માટે ઘણા ખોટા ચમત્કારો કરશે. કેટલાકને જીન ભૂત તરીકે ભયાનક સ્વરૂપમાં દેખાશે; અન્ય લોકોને તેઓ

દૂતો અથવા મૃત સંબંધીઓ તરીકે દેખાશે. શેતાન પોતે પણ ઈસુ ખ્રિસ્તનો ઢોંગ કરશે!

પરંતુ તમારે જૂઠાણાંથી છેતરાવાની જરૂર નથી. જો તમે ઈસુ ખ્રિસ્તને અનુસરો છો, તો તે તમને શેતાનનો પ્રતિકાર કરવાની શક્તિ આપશે. પ્રિય મિત્ર, આજે તમારો સંઘર્ષ ગમે તે હોય, ઈસુ ખ્રિસ્તને તમને મુક્ત કરવા દો!

જો તમે ઇસુ ખ્રિસ્તના અનુયાયીને દુષ્ટ આત્માઓથી તમારી મુક્તિ માટે પ્રાર્થના કરવા માંગતા હો, તો કૃપા કરીને આ કાગળની પાછળની માહિતી પર અમારો સંપર્ક કરો.

Copyright © 2023 by Sharing Hope Publications. બનિ-વ્યાવસાયકિ હેતુઓ માટે કાર્યને પરવાનગી વગર પ્રન્ટિ અને શેર કરી શકાય છે.

સ્ક્રપ્ચિર ગુજરાતી બાઇબલમાંથી લેવામાં આવ્યું છે. Copyright © 2017 Bridge Connectivity Solutions. પરવાનગી દ્વારા ઉપયોગ થયેલ છે. બધા હકો અમારી પાસે રાખેલા છે.

# વધુ વાંચો







વધુ જાણવા માટે QR
કોડ સ્કેન કરો.